૪

પોલીસ કમિશ્નરશ્રીની કચેરી, રાજકોટ શહેર
સ્પેશ્યલ શાખા, ફોન નં.૦૨૮૧-૨૪૪૧૦૭૬
E mail ID: spl-cp-raj@gujarat.gov.in

******** CCTV કેમેરા અંગેનું જાહેર નામું ********

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) – ૨૦૨૩ ની કલમ ૧૬૩ અન્વયે કાઢેલ હુકમ******

કમાંકઃએસ.બી/જાહેરનામું/ ૬૮૫૯/૨૦૨૫
તા૨૨/૦૪/૨૦૨૫

રાજકોટ શહેરમાં બહારના રાજયોમાંથી તથા દેશ બહારથી આંતકવાદી અને સમાજ વિરોધી તત્વો ખાસ કરીને ભીડ ભાડવાળા તથા લોકોની પુષ્કળ અવર-જવર વાળા વિસ્તારોમાં સ્થાનિક વિસ્તારોથી માહિતગાર થઇને તેઓની ગેરકાયદેસર પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે જેથી માનવ જિંદગીની ખુવારી ન થાય અને લોકોની માલ મિલ્કતને નુકશાન ન થાય તે માટે તકેદારીના પગલા રૂપે તમામ બેંકીંગ સંસ્થાઓ, સોના-ચાંદી તથા કિંમતી ડાયમંડના વેપારીઓ, આંગડીયા પેઢીના વ્યવસાયીકો, તથા શોપીંગ મોલ, મલ્ટીપ્લેક્ષ, થીયેટર, શોપીંગ સેન્ટરો, કોમર્શીયલ સેન્ટરો, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિગૃહ, વિશ્રામ ગૃહ, બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગીક એકમો, મોટા ધાર્મીક સ્થળો વિગેરે જગ્યાઓ ઉપર કેટલાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું બ્રજેશ કુમાર ઝા, આઇ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) – ૨૦૨૩ ની કલમ ૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ રાજકોટ શહેરમાં પોલીસ હેડ કોન્સટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા(BNS) – ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ મુજબ ફરીયાદ માટે અધિકૃત કરુ છું અને નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) રાજકોટ શહેરના સમગ્ર પોલીસ કમિશ્નર વિસ્તારમાં આવેલ તમામ બેંકો, તમામ એ.ટી.એમ. સેન્ટરો, સોના-ચાંદી તથા ડાયમન્ડના કિંમતી ઝવેરાત વેંચનાર દુકાનો તથા શો-રૂમ તથા શોપીંગ મોલ, મલ્ટીપ્લેક્ષ, થિયેટર,શોપીંગ સેન્ટરો, કોમર્શીયલ સેન્ટરો, હોટલ, કોફીશોપ, કાફે, રેસ્ટોરેન્ટસ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિગૃહ, વિશ્રામ ગૃહ, જ્યાં કપલ બોક્ષ હોય તેમજ જયાં બહારના માણસોને બેસવાની-રહેવાની સુવિધા પુરી પડાતી હોય તેવા સ્થળો તથા બહુમાળી બિલ્ડીંગો,મોટા ઔદ્યોગીક એકમો, મોટા ધાર્મિક સ્થળોના માલીકો/ઉપભોકતાઓ/વહીવટકર્તાઓએ તેમના ધંધાના સ્થળોએ પ્રવેશ ધ્વાર ઉપર પુરતા પ્રમાણમાં તાલીમ પામેલા માણસોને સીકયુરીટી માટે મેટલ ડીટેકટર સાથે ફરજ ઉપર નિયુકત કરવાના રહેશે.

(૨) પ્રવેશ ધ્વાર ઉપર તથા બહાર નીકળવાના ધ્વાર, રીસેપ્શન કાઉન્ટર, લોબી, બેઝમેન્ટ, પાર્કીંગની જગ્યાઓ તથા પાછળના વિસ્તારમાં તથા જાહેર પ્રજા માટે જયા પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓ આવરી લે તે રીતે દરેક ગેઇટ ઉપર ગેઇટ વાઇઝ તેટલી સંખ્યામાં સી.સી.ટી.વી. કેમેરા લગાડવાના રહેશે.

(૩) સી.સી.ટી.વી. કેમેરા સારી ગુણવત્તા વાળા વધુ રેન્જના (માણસોના ચહેરા સ્પષ્ટ ઓળખી શકાય તથા વાહનના નંબર વાંચી શકાય તેવા) ગોઠવવાના રહેશે. તથા આ સી.સી.ટી.વી.ના રેકોર્ડીંગના ડેટા ઓછામાં ઓછા ૩૦ દિવસ સુધી સંગ્રહ રાખવાના રહેશે.આ સી.સી.ટી.વી. કેમેરા સતત ૨૪ કલાક ચાલુ રહે તે જોવાની જવાબદારી માલીકો/ઉપભોકતાઓ /વહીવટકર્તાઓની રહેશે <u>તેમજ પોલીસ દ્વારા જયારે - જયારે સી.સી.ટી.વી. ફુટેજ માંગવામાં આવે ત્યારે-ત્યારે કોઇપણ પ્રકારના વિલંબ વગર સી.સી.ટી.વી. ફુટેજ આપવાના રહેશે.</u>

(૪) મોલના પાર્કીંગની અંદર દાખલ થતાં દરેક વાહનો જેવા કે મોટર કાર/ટુ-વ્હીલર વિગેરેનું ચેકીંગ કરવાનું રહેશે તેમજ તે દરેક વાહનની અંદર બેઠેલ વ્યકિતઓનું સંપુર્ણપણે ચેકીંગ કરવાનું રહેશે.

(૫) દરેક મોલની માલીકી બદલાતી રહે છે આથી જયારે જયારે મોલના માલીકો બદલાય ત્યારે નવા ઓનર્સ ધ્વારા તમામ ચેકીંગ યોગ્ય રીતે થાય તેની કાળજી રાખવા અંગે નિયમો બનાવવા અને માલીકીની ફેરબદલી અંગેની લેખીત જાણ સબંધીત પોલીસ સ્ટેશન તથા પોલીસ કમિશ્નર કચેરીમાં કરવાની રહેશે.

(૬) મોલમાં આવતા માલસામાનનું પણ ચેકીંગ થવું જરુરી છે. જેથી મોલમાં કોઇ કાયદાથી પ્રતિબંધિત માલ-સામાન, સ્ફોટક પદાર્થો આવી જતાં નથી તેનું નીરીક્ષણ પણ થવું જરુરી છે જે અંગે પણ દરેક મોલ સંચાલકોએ કાળજી લેવી અને જરૂરી વ્યવસ્થા ઉભી કરવાની રહેશે.

(૭) મોલમાં મોલના માલીકના ખર્ચે ખાનગી સીકયુરીટી રાખવી અનિવાર્ય રહેશે. અને તેઓ સીકયુરીટી ચેકના નિયમોથી માહિતગાર હોવા જોઇએ અને તે અંગે તેઓ તાલીમબધ્ધ થયેલ હોવા જોઇએ તેમજ મોલની સુરક્ષા ૨૪×૭ કલાક જાળવવામાં આવે તે જોવાનું રહેશે.

(૮) મોલની મુલાકાત લેતી તમામ વ્યકિતઓના લગેજ ચેકીંગની જવાબદારી સંપુર્ણપણે મોલના માલીકોની રહેશે.મોલમાં એકસપ્લોઝીવ જેવા કાયદાથી પ્રતિબંધિત પદાર્થો ન આવે તે અંગેની વ્યવસ્થા ઉભી કરવાની રહેશે. તેમજ મોલના માલીક ધ્વારા ચેકીંગ/સલામતિ વ્યવસ્થા સારૂ સ્નીફર ડોગ મારફત ઉભી કરવાની રહેશે.

(૯) હાલ હયાત તમામ ઉપરોકત એકમોએ આ જાહેરનામા પ્રસિધ્ધીની તારીખથી દિન-૭માં ઉપર મુજબની વ્યવસ્થા ઉભી કરી દેવાની રહેશે અને નવા શરૂ થતાં એકમોએ ઉપરોકત વ્યવસ્થા કર્યા બાદ જ ધંધો શરૂ કરવાનો રહેશે.

*********** સી.સી.ટી.વી. કેમેરા કેવી રીતે ગોઠવવા ***********

(૧) કોઇપણ જગ્યાની અંદરના ભાગ, સંપુર્ણ કવરેજ સતત થાય તે રીતે ગોઠવવા

(૨) પ્રવેશતા અને બહાર નીકળતા તમામ માણસોની અવર-જવર જોઇ શકાય અને તમામના ચહેરા સ્પષ્ટ જોઇ શકાય તે રીતે કેમેરા ગોઠવવા

(૩) બિલ્ડીંગના બહારના ભાગે પી.ટી.ઝેડ કેમેરા ગોઠવવા.

(૪) તમામ પાર્કીંગની જગ્યામાં સંપુર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે ગોઠવવા

(૫) રીસેપ્શન કાઉન્ટર, બેઝમેન્ટ, તથા જાહેર પ્રજા માટે જયાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓનું સંપુર્ણ કવરેજ થાય તે રીતે ગોઠવવા.

*********** અમલવારીનો સમય ***********

આ હુકમનો અમલ તા.૦૧/૦૫/૨૦૨૫ કલાક ૦૦/૦૦ થી તા.૩૦/૦૬/૨૦૨૫ ના કલાક ૨૪/૦૦ સુધી

*********** અમલવારીનો વિસ્તાર ***********

રાજકોટ પોલીસ કમિશ્નરેટની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિતને ભારતીય ન્યાય સંહિતા(BNS) - ૨૦૨૩ ની કલમ ૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપુ છુ કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઇથી દેખી શકાય તેવી જાહેર જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનીક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઇન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નર શ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધી કરવી.

આજ રોજ તારીખઃ- ૨૨ /૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

COMMISSIONER OF POLICE SPL.BR. RAJKOT CITY

(બ્રજેશ કુમાર ઝા)
પોલીસ કમિશ્નર
રાજકોટ શહેર, રાજકોટ.

નકલ સવિનય રવાનાઃ-

(૦૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૦૨) પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ. રા. ગાંધીનગર
(૦૩) અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી, (ઈન્ટે.) ગુ.રા.,ગાંધીનગર.
(૦૪) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, વડોદરા શહેર, સુરત શહેર.
(૦૫) કલેકટરશ્રી, રાજકોટ જીલ્લા.
(૦૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર.
(૦૭) પોલીસ મહાનિરીક્ષકશ્રી, રાજકોટ વિભાગ, રાજકોટ
(૦૮) પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ રૂરલ, રાજકોટ
(૦૯) અધિક પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર.
(૧૦) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ઝોન-૧, ઝોન-૨, કાઇમ અને ખાસ શાખા, ટ્રાફીક શાખા, રાજકોટ શહેર.
(૧૧) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર.
(૧૨) જીલ્લા સરકારી વકિલશ્રી, સેસન્સ કોર્ટ, રાજકોટ.
(૧૩) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ, રાજકોટ. (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ)
(૧૪) નિયામકશ્રી, માહીતી ખાતું, ડો.જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, બ્લોક નં.૭, બીજા માળે, ગાંધીનગર.
(૧૫) આસીસ્ટન્ટ કમિશ્નર ઓફ ઇન્ટે.(ઈન્ટે.), રાજકોટ રીજીયન, રાજકોટ.
(૧૬) નાયબ પોલીસ અધિક્ષકશ્રી,/ પો.ઈન્સ.શ્રી, રાજકોટ રેલ્વે જંકશન પો.સ્ટે.
(૧૭) તમામ પો.સ્ટે. થાણા ઈન્ચાર્જશ્રીઓ, રાજકોટ શહેર
(પાંચ નકલમાં નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન ધ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૧૮) તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ, રાજકોટ શહેર.
(૧૯) કન્ટ્રોલ ઈન્ચાર્જશ્રી, રાજકોટ શહેર (તમામ વર્તમાન પત્રોને તથ ન્યુઝ ચેનલને આપવા સારૂ)
(૨૦) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.
(૨૧) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, રાજકોટ.
(૨૨) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, રાજકોટ.
(૨૩) પો.ઇન્સ.શ્રી, કોમ્પ્યુટર શાખા, રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P. Rajkot website) ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨૪) એ.સી.પી.શ્રી, સાયબર કાઇમ (રાજકોટ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ.)
(૨૫) સયુંકત માહીતી નિયામકશ્રી, રાજકોટ.
(સ્થાનીક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા અને વર્તમાનપત્રોની કાપલીઓ મોકલવા સારૂ)